નવીન

ભાગભતૂ ઊચક્કં ધી આવી.

નવરાશ યા ઉદાશીની વખતે વાંચવા લાયક વારતા.

રચનાર
વલભજી પિતાંમ્બર પ્રોહીત—પોરબંદર

છપાવી પ્રસિદ્ધ કરનાર
ગાંધી દેવચંદ વંદ્રાવન.
આવૃતિ ૧ લી.
પ્રત ૧૦૦૦ એક હજાર.

અમદાવાદ

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટિંગ પ્રેસમાં
નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું

સંવત ૧૯૪૭ ઈ. સ. ૧૮૯૧.
કીંમત આનો એક.

भागभूत उचकंधी आवी.

નવરાશ યા ઉદાશીની વખતે વાંચવા લાયક વારતા.

એક શેહેરમાં " અકલંધો " નામનો એક મોટો વેપારી હતો, તેને ચાર બાઈડીઓ હતી; પણ ચારેમાં કોઇને પેટ કાંઈ સંતાન નહતું, આ વેળા તેની ઉમર આશરે પચાશ પંચાવન વરસની હતી. પૈસો અખુટ હોવાથી તેણે એક પાંચમી બાયડી પરણવાનો નિશ્ચય કર્યો તેમના સગા વહાલાઓએ ઘણું સમજાવ્યું. પણ તેણે માન્યું નહીં અને બેશુમાર પૈસો ખર્ચી પાંચમી બાયડી પરણ્યો તેનું નામ "હીણી" હતું. તે "હીણી"ને અકલંધાના" ભાગ્યનો ઉદય થવાથી બે ચાર વરસ પરણે વીત્યા પછી એક છોકરી આવી. ને તેનું નામ "ઉચકંધી" પાડ્યું. તે "ઉચકંધી" જ્યારે વરસ આઠેકની થઈ ત્યારે "અકલંધા"એ તેને કોઈ સારૂં ઘર જોઈ વરાવવાનો નીશ્ચય કર્યો ને "હીણી"ની સમતી લેવા સારૂં તેને બોલાવી કહ્યું કેઃ—આપણી "ઉચકંધી" હવે મોટી થઈ માટે તેની સગાઈ ક્યાં કરશું ? "હીણી"એ કહ્યું કેઃ—આપણે સો છોકરાં બરોબરની એક છોકરી છે. "અકલંધે" કહ્યું હા, મારૂં આજ ૬૦ વરસે વાંઝીયા મેણું ટળ્યું છે. "હીણી"એ કહ્યું કેઃ—"ઉચકંધા"

ને પુછીને તેની મરજી તપાસીએ તેવામાં "ઉંચકંધી"એ આવીને પુછયું કેઃ—માતા–પિતા તમે શું વિચાર કરો છો. "અકલંધે" કહ્યું કેઃ—પુત્રી! તારી સગાઈની વાતો કરીએ છીએ. ત્યારે "ઉચકંધી" એ જવાબ દીધો કેઃ—મારી સગાઈ હું મારી મેળે કરીશ. એ વિષે નિશ્ચીંત રહો ત્યારે "અકલંધે" કહ્યું, અરરરર!!! હાય!! દીકરી! હું પાંચમાં પંકાઉં છું, આપણું ઘર કયું? એમ સમજે છે? ગાંડી! "હીણી"એ પણ એવી રીતે ઘણું સમજાવ્યું. ત્યારે "ઉચકંધી"ના માથામાં રાઈ ભરાઈ આવી. ને એકદમ ખુંનસમાં બોલી કેઃ—જ્યારે તમે મારૂં કહ્યું નથી માનતાં. ત્યારે હું ઈશ્વરની આજ્ઞા લઈ કહું છું જે. જે પુરૂષને મારા હાથથી દરરોજ હું પરણ્યા પછી સવાર સાંજ "સાત સાત જોડાની માર" ખાવી કબુલ હોય તેની સાથેજ મારાં લગ્ન કરજો અન્ય પુરૂષ મારા ભાઈને બાપ તુલ્ય છે. "અકલંધા" એ ને હીંણી એ ઘણું સમજાવ્યું પણ "પથ્થર પર પાણી" માફક તેને કંઈ અસર થઇ નહી ને અકલંધા" એ અંતે હારીને દેશ દેશમાં ખબરપત્રો મોકલ્યા.

દેશ દેશાંન્તર "અકલંધા" ની નીંદા થવા લાગી ગામમાં હાહાકાર થઇ રહ્યો.

લગભગ એક માસ વિત્યા પછી આજ ગામના "તોણીઆત" શેઠનો દીકરો "ગરજાઉ" શેઠ હતો, તેણે કહેણ મોકલ્યું કેઃ—મારે "સવાર સાંજ સાત સાત જોડાની માર" કબુલ છે. તે પરથી "અકલંધા" એ "ઉચ-

કંધી" ને "ગરજાઉ" ની સાથે પરણાવી દીધી. થોડા દિવસ પછી "ઉચકંધી" સાસરે ગઈ ને "ગરજાઉ" શેઠ વિચારમાં પડયા કેઃ—હવે કેમ કરવું આ રાંડને "દયા" આવે તેમ નથી. તેવામાં "ઉચકંધી" બીજા ઓરડામાંથી "ગરજાઉ" ની પાસે આવીને કેહેવા લાગી કેઃ—શેઠ આ વિચાર પ્રથમ કરવો હતો હવે થાઓ તૈયાર વખત વે ગયો. "ગરજાઉ" શેઠે કહ્યું કેઃ—કયાં જવું છે? "ઉચકંધી" એ જવાબ આપ્યો કેઃ—જાવું તો કયાંય નથી તમારો ને, મારો જે ઠરાવછે તે મુજબ "સાત જોડાની માર" ખાવા તૈયાર થાઓ તે પછી હું દાતણ કરવાની "ગરજાઉ શેઠે વિચાર્યું કેઃ—આ રાંડ કેમે માનવાની નથી. ને જો ના પાડીશ તો મારો "ફજેતો" કરશે "મુંગી મનમાં સમજે" એમ ધારી "ઉચકંધી" પાસે જઈને ઉભો. જેવો "ઉચકંધી" એ "જોડો" ઉગામ્યો તેવેજ "ગરજાઉ" એ "હાશ" શબ્દ ઓચર્યોને જેવો "જોડો" માર્યો તેવેજ "લેતીજા. રાંડ" એમ કહ્યું (આડોશી પાડોશી એમ શમજે કે એની બાઈડીને મારેછે માટેજ.) આવી રીતે મારખાતાં ખાતાં એક મહિનો થયો ત્યારે "ગરજાઉ" ને વિચાર થયો કેઃ—માથામાં માર ખાઇ ખાઇને "ટાલ" પડી ગઇ, હવે દીવસ કેમ કાઢવા?! માટે કમાવાની ગત કરી પરદેશ જતો રહું તો "આપદા ઓલાય" એમ ધારી પરદેશ જવા તૈયાર થયો. ત્યારે "ઉચકંમી" બોલી. તમારી અવજીમાં માર ખાનાર કોઈ પણ માણસ, પશુ,

પ્રાણી, યા હરકોઇ વસ્તુ મને શોપતા જાઓ ત્યારે " ગરજાઉ" એ પોતાની ખડકીમાં વડલાનું ઝાડ હતું તે " ઉચકંધીને" બતાવ્યું તેમાં એક જીન રહેતો હતો હવે "ગરજાઉ" શેઠ ચાલતો થયો ને " ઉચકંધી" નીયમ પ્રમાણે " ગરજાઉ " નું નામ લેતી વડના થડમાં રોજ સવાર સાંજ " સાત જોડા " ની માર મારવા મંડી તે માર જીનને લાગવાથી તે ક્રોધાતુર થયો ને એકદમ " ગરજાઉ" ની પાછળ પડયો " ગરજાઉ " ની પાસે જઇ જીન તેના હાથ પકડી બોલ્યો કે તું જાયછે કયાં? નહી જવાય, તારે માટે મારે માર ખાવો પડે છે. " ગરજાઉ " બોલ્યો તું કોણછે જીને કહ્યું કેઃ-હું જીન છું ને તારી ખડકીમાં જે વડ છે તેના થડમાં રહું છું તારા જાવાથી તારી સ્રી તું વડ સોંપી જવાથી દરરોજ સવાર સાંજ સાત સાત " જોડાની માર મને મારે છે આ સાંભળી " ગરજાઉ " શેઠે કહ્યું કેઃ-તું એ સ્થાનક છોડી દે. હું પણ એજ દુખે રાંડથી હારી આગ વનમાં ભટકું છું એમ કહી રડી પડયો. તે જોઈ જીનને દયા આવી ને કહું કેઃ-તું રડમાં ચાલ મારી સાથે એમ કહીને ત્યાંથી થોડે દુર એક શેહેર હતું ત્યાં બંને જણા ગયા ને ગામમાં જઇ જીને કહ્યું કેઃ—હું પ્રધાનના છોકરાના દીલમાં ભરાઈશ ને તું ચોટામાં બેસજે, ને જ્યારે તું પ્રધાનના છોકરાને ભૂત વળગ્યું છે એમ તું સાંભળે ત્યારે તું ત્યાં આવજે હું કોઈનો કાઢયો નહીં જાઉં તું આવીને ફક્ત એટલુંજ કહીશ કેઃ—" **ભાગ ભૂત ઉચકંધી**

આવી" કે તરત હું ત્યાંથી રવાના થઈશ તે પાછા આપ ણે આંહી ભેળા થશું ત્યાં તને ઘણુ દ્રવ્ય મળશે. એમ કહી જાય છે ને ગરજાઉ જઈ ચોટામાં બેસે છે. જીન જઈ પ્રધાનના છોકરાના અંગમાં ભરાય છે ને તેથી તે ધુણે છે. ને ખાઉં ખાઉં કરતો જેને તેને બાઝે છે ને બ-ટકાં ભરે છે. તે જોઈ પ્રધાન વગેરે ઘણા કચવાણાને ઘણા-વેદો, ડાકટરો; ભુવાઓ વગેરેને બોલાવ્યા પણ કોઈની કારી ફાવી નહી ગરજાઉ" શેઠ ત્યાં આવીને પુછવા લાગ્યા કે ભાઈ આંહી આટલો બધો ધાંધાટ શેનો છે. ત્યારે પ્રધાને કહ્યું કેઃ—ભાઈ મારા છોકરાને ભુત વળગ્યું છે, તે કોઈનું કાઢ્યું જાતું નથી ત્યારે "ગરજાઉ" શેઠ બોલ્યો કેઃ—હું ભૂતને ભગાડું તો મને તમે શું આપશો.

પ્રધાનજીએ કહ્યું કે—દશહજાર સોનામોહોર જો મારો છો-કરો આ ફંદમાંથી મુક્ત થાય તો આપું. આ સાંભળી "ગરજાઉ" અંદર આવ્યો કે તરતજ છોકરો ઉ-ભો થઇ તેની સામો છાનોમાનો હાથ જોડી ઉભો ને "ગ-રજાઉ" એ તેનું માથું પકડી તેના કાનમાં "ભાગભૂત ઉચકંધી આવી" આમ કહેતાંજ જીન હું જાઉં છું એમ કહી નાસી ગયો. આ ચમત્કાર જોઈ પ્રધાન વગેરે ખુશી-થયા ને "ગરજાઉ" ને દશને બદલે વીસ હજાર સોના મોહોર આપી. તેથી "ગરજાઉ" ખુસી થતો ચાલતો થ-યો ને નીયમીત ઠેકાણે પાછો જીન પાસે આવ્યો ને જીનને કહ્યું કેમ મિત્ર? હવે આપણે આપણા ગામ પાછા જશું?

જીને જવાબ દીધો હજી વાર છે. હું હવે રાજાના કુંવરના શરીરમાં જઈને ભરાઈશ ત્યાં પણ તું આવીને કુંવરના કાનમાં "**ભાગભૂત ઉચકંધી આવી**" આમ કહેજે એટલે તરત હું તેના શરીરમાંથી નીકળી પાછો આંહી આવીને બેસીસ તારા નશીબનું જે તને કંઈ ગલે તે લઈને તું પાછો આહીં આવજે "ગરજાક" એ જવાબ દીધો વારૂ, એટલે જીન રવાના થઓ ને રાજાના કુંવરના શરીરમાં જઈ પેઠો. જેથી તે પણ પ્રધાન પુત્રની માફક ધુવાંફુવાં કરવા મંડી પડયો.

આથી રાજા રાણી બહુ ફીકરમાં પડ્યાને ગભરાવા લાગ્યા ને તેવામાં પ્રધાનજી આવી ચડ્યાને ગભરાવાનું કારણ પુછ્યું ત્યારે રાજાએ કુંવરના સામા હાથ કરીને મોટે સાદે રડવા માંડયું. પ્રધાને દીલાસો દઈ છાના રાખ્યાને કહ્યું કે આપણા ભીખાની પણ ગઈ કાલે આવી અવસ્થા થઈ હતી. પણ આપના પ્રતાપથી ને અમારા વડીલોની પુનાઈથી એક મુસાફર જાતનો સાહેબ અમારી જાતનો લાગતો હતો તે મારા ઘર પાસેથી નીકળ્યો. ને તેણે મને ઉદાશ જોઈને પુછયું કે આમ ફીકરાધીન કેમ થયા છો ત્યારે હું તેને ભીખા પાસે તેડી ગયો. નામદાર ! તેને જોતાંજ ભીખો તેની સામો હાથ જોડીને ઉભો થઈ રહ્યો. તરતજ તે આવેલ માણસે આપણા ભીખાના કાનમાં "**ભાગભૂત ઉચકંધી આવી**" આમ કહ્યું;! કે તરતજ બધું કોણ જાણે ક્યાં જતું રહ્યું !!! આપ હુકમ કરો તો ભાઇના કાનમાં

છું એવી રીતે કઈ જોઉં? રાજાએ કહ્યું કેઃ—તેમ કરો જો આ પાપ જતું હોય તો પછી પ્રધાને કુંવરના કાનમાં સદરહું વાકય કહ્યાં. પણ વ્યર્થ તેવામાં "ગરજાઉ" ત્યાં આવી ચડયો તે પ્રધાનની દ્રષ્ટીએ પડવાથી તેને પ્રધાને માન સહીત અંદર દાખલ કર્યો ને કહ્યું કેઃ—તમને રાજા સાહેબ ખૂશી કરશે. એમ કહી કુંવર પાસે તેડી ગયા કુંવર પાસે જઈ "ગરજાઉ" રાજાને કહેવા લાગ્યો કેઃ—મને જો ૨૫) હજાર સોના મોહોર આપો ને સારા દબદબાથી મારે વતન તમારે ખર્ચે મોકલો, મતલબ કેઃ—મ્યાનામાં બેસાડી આગળ અનુચરો ખમાં, ખમાં, કરતાં ચાલે તેમ—તોજ કુંવરના અંગમાંથી ભુત કાઢું ત્યારે રાજાએ સર્વ કબુલ કર્યું. ને કહ્યું કેઃ—જો તું મારા કુંવરને આ ફંદથી મુક્ત કરે તો તારા માગવા ઉપરાંત મારી લાડકવાઈ પુત્રી તારી સાથે પરણાવું. આ સાંભળી "ગરજાઉ" કુંવર પાસે ગયો ને તેના કાનમાં મોં ઘાલી "**ભાગભૂત ઉચકંધી આવી**" આમ કહ્યું કે તરત ભુત જતું રહ્યું ને સૌ ખુસી થયાં. ત્યારે પ્રધાને પુછયું છે "ભાગભૂત ઉચકંધી આવી" આમ તો મેં પણ ભાઈના કાનમાં કહ્યું પણ ભુત કેમ ન ગયું? "ગરજાઉ" બોલ્યો જો એમ ભુત ભાગી જાત તો અમારો આંહી ધડોજ ન થાત. રાજાએ કહ્યું કેઃ—સાધના વિના કાંઈ થતું હશે. (ગરજાઉ ને બતાવી ખજાનચીને) ખજાનચી ૨૫) હજાર સોના મોહોર લાવી આપ. તે લાવી આપે છે ને રાજા ગરજાઉને આપે છે ને પોતાની કુંવરીને પરણાવા

મારે કહે છે ત્યારે "ગરજાઉ" બોલ્યો કેઃ-હું મારા મિ-ત્રને પુછી પાછો આવું ત્યારે વાત એમ કહી ત્યાંથી જીન પાસે આવ્યો ને સવીસ્તર વાત કહી સંભળાવી ત્યારે જીને કહ્યું કે સુધું સારૂં બોલી "કુલેંટ"ને આની વડારણ બનાવી રાખજે ને ગડબડ કરે તો નાક ચોટલો કાપી કાઢી મુકજે. હવે કાંઈ તારે ઓશિઆળ નથી "ગરજાઉ" બોલ્યો સર્વ આપના પ્રતાપથી ત્યારે જીને કહ્યું બધું "ઉચકંધી"ના પ્રતાપથીજ. પછી બેઉ જણાં દરબારમાં ગયા ને રાજાને પરણુવાની હા કહીં એટલે રાજાએ પોતાની કુંવરીના "ગરજાઉ"ની સાથે લગ્ન કીધાં ને આપેલ વચન મુજબ તેમને પોતાની કુંવરી સાથ વિદાય કર્યાં.

પોતાના ગામમાં આવી મોટી ધામધુમથી "ગરજાઉ" ને આવતો જોઈ "ઉચકંધી" મોંમાં તરણું લઈ પોતાના માથાપર "ગરજાઉ"ના ઘેર પડેલા જોડા મૂકી સામી આવીને ઉભી તેથી "ગરજાઉ"ને દયા આવી એટલે "ઉચકંધી" ને માફી આપી ને પોતાની સાથે મ્યાનામાં બેસાડી ગામમાં લઈ આવ્યો ને મોજશોખમાં દીન ગુજારવા લાગ્યો.

સમાપ્ત.

નીચે વાંચવા કૃપા કરો.

અકબર-બિરબલ.

આ નાટક તદ્દન પીંગળના પ્રમાણમાં પીંગલના છંદોથી બાધણુ સહીત.

"સાચો દેવ કોણ."

તે વિશેનો સંવાદ થોડી મુદતમાં છપાઇ બહાર પડશે. તા૦ ૩૦ મી સપટેમ્બર સુધીમાં નામ દાખલ કરવાં કીંમત જુજ આગાઉથી ફક્ત રૂ૦-૧-૦ પાછળથી રૂ૦-૪-૦ ખરિદ્દોને ખુસી થાઓ.

(સહી) વલભજી પિતામ્બર.

પ્રોહીત કર્ત્તા.

જાહેર ખબર.

આ પુસ્તક અને મારાં રચેલાં નીચે દરશાવેલ પુસ્તકો ખુદ મારી પાસેથી અને પોરબંદરના બુકસેલર ઠ૦ મોનજી ભીખા વગેરે સરવે બુકસેલરો પાસેથી રોકડી કીંમતે કીફાયત ભાવે વેચાતા મળશે. દશ નકલ રાખનારને એક નકલ ભેટ આપવામાં આવસે. વેચાવા માટે જથા બંધ મંગાવનારને (વીસ નકલથી ઉપર મંગાવનારને) કમીશન ઘણુંજ સારૂ આપવામાં આવશે (આ નીચે દરસાવેલાં પુસ્તકો નાગરવાડે ગાંધી દેવચંદ વંદ્રાવન પાસેથી પણ મળશે.

છપાઇ બહાર પડેલાં પુસ્તકો.	કિંમત.
તારાસ્વયંવર નાટક.	૦—૩—૦
બાગભૂત ઉચ્ચકંધી આવી. (વારતા)	૦—૧—૦
હવે પછી છપાઈ બહાર પડવાના પુસ્તકો.	**કિંમત.**
ચિત્રકળા દુઃખદર્શક નાટક.	૦—૬—૦
ગજરા ગારૂ નાટક.	૦—૮—૦
અકબર—બિરબલ નાટક.	૦—૪—૦
જલદાસિંહનો જખમ ઉર્ફે તાજલ } મુખ—ગુલબકાવલી નાટક. }	૧—૪—૦
પ્રેમાનંદ સત્યવતીના ગાયનો.	૦—૧—૬

ઉપર મુજબ પુસ્તકોમાંથી હરકોઈ પુસ્તક કોઈ સદ્ગ્રહસ્થોને મંગાવવા મરજી થાય તો તેમણે નીચેને સીરનામે લખી ખુલાસો કરવો નાટપેડ કાગળ લેવામાં આવશે નહીં. જવાબ માટે ટીકીટ સાથેજ બીડવી.

વલભજી પિતામ્બર. પ્રોહીત.—કર્ત્તા.

મુ૦ પોરબંદર.